# પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

## જાહેરનામું

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧

ક્રમાંક:ક-૨/હદ વિસ્તાર/૫૧૮/'૧૭
તા.૨/૦૬/૨૦૧૭

સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૭/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:પસથ/૧૦૨૦૧૦/૮૪૮/વ.થી અમદાવાદ ગ્રામ્યના અસલાલી પોલીસ સ્ટેશનના ગ્યાસપુર અને ફતેવાડી વિસ્તારનો અમદાવાદ શહેરના સરખેજ અને વેજલપુર પોલીસ સ્ટેશનમાં સમાવેશ કરવાનો ઠરાવ થતાં અને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૨ થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એ.કે. સિંઘ પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર આથી અસલાલી પોલીસ સ્ટેશનના ગ્યાસપુર અને ફતેવાડીનો વિસ્તાર અમદાવાદ શહેરના સરખેજ અને વેજલપુર પોલીસ સ્ટેશનમા સમાવેશ કરી નવો હદ વિસ્તાર તા.૩/૦૬/૨૦૧૭ ના કલાક-00:00 થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

(૧) **સરખેજ પોલીસ સ્ટેશનનો ફેરફાર સાથેનો હદ વિસ્તાર**:- સરખેજ પોલીસ સ્ટેશનમાં અગાઉનો જે હદ વિસ્તાર હતો તેમાં ઉત્તર દિશાના હદ વિસ્તારમાં કોઇ ફેરફાર થયેલ નથી.

સરખેજ પો.સ્ટેની પુર્વ દિશા/દક્ષિણ દિશા અને પશ્રિમ દિશામાં નવો વધેલો હદ વિસ્તાર કે જે એસ્સાર પેટ્રોલપંપ સર્કલથી અંબર ટાવર સુધીનો રોડ અને ફુટપાથ સિવાયનો ઉત્તરનો ભાગ (હાજરા મસ્જિદ અને તેની આજુબાજુનો વિસ્તાર) તથા અંબર ટાવર ની સામે ૧૦૦ ફુટ રીંગરોડ તથા ફુટપાથ સિવાયનો ફતેવાડી કેનાલ સુધીનો પશ્રિમ તરફનો ભાગ જેમાં મોનાપાર્ક, લબ્બેપાર્ક, મોહમંદીપાર્ક, નીમરો-હાઉસ, સુફીયાનગર, ખ્વાજાનગર સુધીનો નદી તરફનો પશ્રિમ તરફ તથા નરીમાપુરા બાજુ નદી વિસ્તારનો ભાગ, બાકરોલ સર્કલ તથા રીંગ રોડ તેમજ સર્વીસ રોડ સિવાયનો ભાગ જેમાં નરીમપુરા (બાદરાવાડ), નવા વણઝર, જુના વણઝર, જુની ફતેવાડી, ખોડીયાર નગર, માવજીપુરા, અને અકક્ષા હોટલ, એકતા હોટલ, પાછળનો ગોડાઉન વિસ્તારનો ભાગ જેમાં એસ.પી. રીંગરોડ અને તેના સર્વિસ રોડની અંદરનો અસલાલી પોલીસ સ્ટેશનમાં સમાવેશ થતો તમામ વિસ્તાર (એસ.પી. રીંગરોડ અને સર્વિસ રોડ સિવાયનો ભાગ)

(૨) **વેજલપુર પોલીસ સ્ટેશનનો ફેરફાર સાથેનો હદ વિસ્તાર**:- વેજલપુર પોલીસ સ્ટેશનમાં અગાઉ વાસણા પો.સ્ટે.ના વિભાજન બાદનો જે હદ વિસ્તાર હતો તેમાં ઉત્તર દિશા અને પુર્વ દિશાની હદ વિસ્તારમાં કોઇ ફેરફાર થયેલ નથી.

વેજલપુર પો.સ્ટે.ના પશ્રિમ દિશાથી દક્ષિણ દિશામાં નવો વધેલો હદ વિસ્તાર કે જે અંબર ટાવરથી ફતેવાડી કેનાલ સુધીનો ૧૦૦ ફુટ રીંગ રોડ, જેમાં પઠાણ ફાર્મ, કે.જી.એન. પાર્ક, સોએબ પાર્ક કોર્નર એવન્યુ થી કેનાલ બ્રીજ થી આઇશા પાર્ક, રુપા રેસીડેન્સી, મીહનાઝ પાર્ક-૧, ઇકબાલ એવન્યુ, અનમોલ રેસીડેન્સી, કુજેલ પાર્ક, મદની રો-હાઉસ રોડ સાથેનો વિસ્તાર.

વેજલપુર પો.સ્ટે.થી દક્ષિણ દિશા તરફનો શાસ્ત્રી બ્રીજથી સાબરમતી નદી જે મદની રો-હાઉસ સુધી ઉતર તરફનો નદી તથા નદીના કિનારા સિવાયનો ઉતર તરફનો વિસ્તાર.

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરના તા.૦૫/૦૫/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક:ક.૨/હદ વિસ્તાર/વાસણા/૪૨૩/૨૦૧૭ થી વાસણા પોલીસ સ્ટેશન નો જે હદ વિસ્તાર દર્શાવેલ છે.તેમાં કોઇ ફેરફાર થયેલ નથી

તારીખ : ૨ /૦૬/૨૦૧૭

સ્થળ : અમદાવાદ.

સિક્કો :

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

પ્રતિ,

- તમામ પોલીસ સ્ટેશન / શાખાઓના પો.ઇ.શ્રીઓ (વધારાની ૧૦ નકલો સાથે)
  ૨/- જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોંટાડી તેની નોંધ એક નકલ પર કરવી અને તે નકલ ઓફીસ રેકર્ડમા રાખવી.
- તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ.
- મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક શાખા (વધારાની ૧૦ નકલો સાથે)
  ૨/- લાઉડ સ્પીકર સાથે બહોળો પ્રચાર કરવા સારૂ.
- જન સંપર્ક અધિકારીશ્રી.
  ૨/- પ્રેસનોટ બહાર પાડવા સારૂ.
- સીનીયર આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરશ્રી,
  ભદ્ર તથા મીરઝાપુર કોર્ટ, અમદાવાદ શહેર. ( ૧૮ + ૧૮ નકલો સાથે)
- મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ, વડોદરા.
  ૨/- ગવર્નમેન્ટ ગેઝેટ ભાગ-૪માં એક્સ્ટ્રા / ઓર્ડીનરી ગેઝેટમાં તાત્કાલીક પ્રસિધ્ધ કરી ગેઝેટની ૨૦૦ નકલો અત્રેની કચેરીને તાત્કાલીક મોકલવા સારૂ.
- પોલીસ કમિશ્નરશ્રીની કચેરી તથા મુખ્ય મથકની સઘળી શાખાઓ તરફ.

<u>નકલ સવિનય રવાના</u> :-

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ખાસ મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, લાંચરૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.